ટોચ અગ્રતા

E-Mail

ક્રમાંક:પ્રાશિનિ/ RTE/ 17407/૨૦૨૦/ ૮૪-૯૩૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં.૧૨/૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર,તા.03/0૬/૨૦૨૦

પ્રતિ,

- **જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
  જિલ્લા શિક્ષણ સમિતિ, **તમામ**
- **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
  જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, **તમામ**
- **શાસનાધિકારીશ્રી,**
  નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, **તમામ**

**વિષય-** ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ના નિયમ ક્રમાંક: ૩માં થયેલ સુધારા બાબતના શિક્ષણ વિભાગના જાહેરનામા મુજબ કાર્યવાહી કરવા બાબત

**સંદર્ભ:-** શિક્ષણ વિભાગનું તા. ૩૧/૦૧/૨૦૨૦નું નોટિફિકેશન

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ અન્વયે ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ સમગ્ર રાજ્યમાં અમલમાં છે. સંદર્ભ દર્શિત શિક્ષણ વિભાગના જાહેરનામા દ્વારા ગુજરાત આર.ટી.ઈ રૂલ્સ-૨૦૧૨ નાં નિયમ ક્રમાંક: 03 (૧)માં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવેલ છે.

પ્રકરણ-૨: મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર

૩. (૧) **શૈક્ષણિક વર્ષનાં ૧ જુનનાં રોજ જે બાળકની ઉંમરનું છઠ્ઠું વર્ષ પુરુ થયુ ન હોય તેવા બાળકને સામાન્ય રીતે પ્રારંભિક શાળામાં પ્રવેશ આપવામાં આવશે નહી.**

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ દરમિયાન, કોઈ બાળકે તે શૈક્ષણિક વર્ષના 1 લી જૂને 5 વર્ષની વય પૂર્ણ કરેલા હોય તો તે જે તે વર્ષમાં પ્રવેશ મેળવવા પાત્ર રહેશે.**

ઉક્ત સુધારા બાબતનું શિક્ષણ વિભાગનું નોટિફિકેશન આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે મુજબની જાણ આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં કરવાની રહેશે. તેમજ વાલીઓને પણ સલાહ આપવાની રહેશે કે, જો કોઈ વાલી પોતાના પાલ્યને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અપાવવા માંગતા હોય, શિક્ષણ વિભાગના સદર જાહેરનામા અને પોતાના પાલ્યની વયને ધ્યાને રાખી પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે પ્રવેશ અપાવે. જેથી, ભવિષ્યમાં બાળકને ચોક્કસ વય મર્યાદાના આધારે ધોરણ-૧માં પ્રવેશ મળી શકે.

સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

બિડાણ: શિક્ષણ વિભાગનું તા. ૩૧/૦૧/૨૦૨૦નું જાહેરનામુ



E:\RTE\RTE 2020\Circular20\Circular2020 .docx

Extra No. 31

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXI ] THURSDAY, FEBRUARY 13, 2020 / MAGHA 24, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

### EDUCATION DEPARTMENT

### NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 31st January, 2020

**Right of Children to Free and Compulsory Education Act, 2009.**

**No: GH/SH/04/PRE/122019/Single File-21/K:-** In exercise of the powers conferred by sub-section (1) of section 38 of the Right of Children to Free and Compulsory Education Act, 2009 (35 of 2009), the Government of Gujarat hereby makes the following rules further to amend the Right of Children to Free and Compulsory Education Rules, 2012, namely;

1. (1) These rules may be called the Right of Children to Free and Compulsory Education (Amendment) Rules, 2020.

   (2) They shall come into force on the date of their publication in the Official Gazette.

2. In the Right of Children to Free and Compulsory Education Rules, 2012, in rule 3, for sub-rule(l), the following sub-rule shall be substituted, namely:-

   "(1) Admission of pupils : No Elementary School shall admit a child in 1st standard who has not completed 6th year of age on the 1st June of the academic year:

   Provided that for the academic years 2020-2021, 2021-2022 and 2022-2023 a child shall be eligible for admission who has completed 5th year of age on the 1st June of the respective academic year."

By order and in the name of the Governor of Gujarat,

**J. M. MISHAN,**
Deputy Secretary to Government.

-----------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR